નોવેલ કોરોના વાઈરસ(Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં
<u>લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.</u>

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાધીનગર

તા:-૨૧/03/૨૦૨૦

<u>જાહેરનામું ક્રમાંક-પરચ-૧૧૨૦૨૦-૧૫૧(૨)-વ.૨</u>

તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. હાલ માં વિશ્વમાં તથા દેશમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લેતાં રાજ્યમાં કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે ભારત સરકાર તરફથી પરિપત્ર મારફતે સમયાંતરે મળેલ સૂચનાઓને ધ્યાને લઈ તકેદારીના પગલાં રૂપે તાત્કાલિક અસરથી રાજ્યની તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાત રાજ્યમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયતસંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં તા.૧૬-03-૨૦૨૦ થી ૨૯-03-૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની સૂચના બહાર પાડવામાં આવેલ છે. સામાન્ય વહિવટ વિભાગના તા.૨૧/03/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટથી આપેલ સૂચના ધ્યાને લઈ નીચે મુજબ પુન: વધારાની સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) ગુજરાત રાજ્યની સરકારી, ખાનગી, અનુદાનિત સહિત તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ગુજરાત રાજ્યમાં કાર્યરત કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર તથા સ્વાયતસંસ્થાઓ હસ્તકની તમામ શૈક્ષણિક સંસ્થાઓ તથા ટ્યુશન ક્લાસિસ વગેરેમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણ પણે બંધ છે.

રાજ્ય સરકારના નોવેલ કોરોના વાઈરસ(Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકે તે હેતુથી સરકારરી અનુદાનિત અને ખાનગી આ તમામ સંસ્થાઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક તમામ કર્મચારીઓ તા.૨૩/03/૨૦૨૦ થી તા.૨૯/03/૨૦૨૦ સુધી વર્ગ-૨ થી વર્ગ-૪ના અધિકારી/ કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ Rotational basis પ્રમાણે ફરજ ઉપર ઉપસ્થિત રહે તે સંબંધિત કચેરીના વડાએ સુનિશ્ચિત કરી સત્વરે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૨) તમામ યુનિવર્સિટીઓતથા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજીત સેન્ટ્રલ એસેસમેન્ટની કામગીરી તા.૨૯/03/૨૦૨૦ સુધી સ્થગિત રહેશે.

(3) તમામ શાળાઓ/ કોલેજો/યુનિવર્સિટીઓ,શૈક્ષણિક સંસ્થાઓમાં સ્વચ્છતાની કામગીરી ચાલુ રાખવાની રહેશે. આ કામગીરી નિરીક્ષણ માટે વારાફરથી નિમણૂંક આપી કામગીરી સોપવાની રહેશે.

...૨...

(૪) જે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં હોસ્ટેલ /ગેસ્ટહાઉસ આવેલ હોય તો તેને સેનીટાઈઝ કરવાનું રહેશે. તથા સાફ સફાઈ કરી ચોખ્ખુ/સ્વચ્છ રાખવાનું રહેશે. અને દૈનિક સફાઈ કરવાની રહેશે જેથી તેનો તુરત ઉપયોગ થઈ શકે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હોસ્ટેલ કે ગેસ્ટ હાઉસની માંગણી કરવામાં આવે ત્યારે વિના વિલંબે સુપ્રત કરવાનું રહેશે.

(૫) તમામ સરકારી કે અનુદાનિત સંસ્થાના શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારીઓએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહી અને આવશ્યક ફરજ માટે સ્ટેન્ડબાય રહેવાનું રહેશે. જ્યારે પણ સરકારશ્રીને સ્ટાફની આવશ્યકતા પડે અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જે ફરજ સોપવામાં આવે તે ફરજ બિનચુક બજાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં ૨, કર્મયોગી ભવન, ગાંધીનગર
(૪) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેક્ટર નં ૧૭, ગાંધીનગર
(૫) સચિવશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ સેક્ટર નં ૧૦બી ગાંધીનગર
(૬) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૭) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર
(૮) સચિવશ્રી,ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧,ગાંધીનગર

નકલ સવિનય રવાના:

(૧) માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી,માન.મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
(૨) અધિક મુખ્યસચિવશ્રીના અંગત સચિવશ્રી,મહેસૂલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૩) અગ્ર સચિવશ્રી અંગત સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૪) અગ્ર સચિવશ્રી, અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૫) અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૬) સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય.,ગાંધીનગર

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

પ્રતિ,

૧. યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ, સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓ, વહીવટી વિભાગોના વડાશ્રીઓ,
૨. યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,

. . . .શિક્ષણ વિભાગના ઉપરોક્ત જાહેરનામા અંતર્ગત આપશ્રીના વિભાગ/કોલેજોના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓને Rotational bases પ્રમાણે તા. ૨૩/૦૩/૨૦૨૦ થી ૨૯/૦૩/૨૦૨૦ સુધી ફરજ પર ઉપસ્થિત રાખવા અને જાહેરનામામાં દર્શાવેલ અન્ય સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

ક્રમાંક: જન/એસ્ટા/૩૫૬૮/૨૦૨૦
તા. ૨૧/૦૩/૨૦૨૦

21/3/2020
ઈ.ચા. કુલસચિવશ્રી